ગાંધીનગરના મોહિતની ટીમે ઉબડખાબડ સરફેસ પર ચાલતી કાર બનાવી રાષ્ટ્રીય સ્પર્ધા જીતી

સોસાયટી ઓફ ઓટોમોટીવ એન્જિનિયર્સ દ્વારા ઈન્દોર ખાતે યોજાયેલી કાર મેકીંગ અને રેસીંગ સ્પર્ધામાં ગાંધીનગરના મોહિત રાવલની ટીમે શ્રેષ્ઠ દેખાવ કર્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં પ્રતિભાઓની કમી નથી એ વાત ફરીથી સાબિત થઈ છે. સેક્ટર-૨૦માં રહેતા અને ગણપત યુનિવર્સિટીમાં મિકેનીકલ એન્જિનિયરીંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં યુવાન મોહિત રાવલ અને તેના સાથી ૨૨ યુવાનોની ટીમે તાજેતરમાં ઈન્દોર ખાતે યોજાયેલી એસએઈ ઈન્ડિયા - ૨૦૧૩ સ્પર્ધા જીતી છે. દેશની જુદી જુદી ઈંજનેરી કોલેજોના વિદ્યાર્થીઓએ ગમે તેની ઉબડખાબડ સરફેસ પર ચાલી શકતી કાર બનાવી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઈન્દોર ખાતે યોજાયેલી આ વ્હીકલ સ્પર્ધામાં તેના મિત્રોએ ડીઝાઈન કરેલી કારે સ્ટેટિક કોસ્ટ ઈવેન્ટમાં સારો દેખાવ કરી સ્પર્ધામાં જીત પ્રાપ્ત કરી હતી.

નાનપણથી જ જુદા જુદા વાહનોના પાર્ટસ સાથે રમવાના શોખીન મોહિત રાવલે મોટા થયા બાદ તેના આ શોખને કારકિર્દીનો માર્ગ બનાવ્યો છે. તેણે અને તેના મિત્રોએ ડીઝાઈન કરેલી કારને તાજેતરમાં એક રાષ્ટ્રીય સ્પર્ધામાં ઈનામ પ્રાપ્ત થયું છે. સોસાયટી ઓફ ઓટોમેટિવ એન્જિનિયર તરફથી યોજાયેલી બહા-૨૦૧૩ સ્પર્ધામાં ગણપત યુનિવર્સિટીની યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગની ટીમ સ્ટેટિક કોસ્ટ ઈવેન્ટ સ્પર્ધામાં પ્રથમ રહી હતી.

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલે ગુડાનો સ્થાપના દિન ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ તેના ૧૮મા સ્થાપના દિને ૩ વિકાસ કામોનું લોકાર્પણ અને ૩ કામોનું ભૂમિપૂજન કરી ઉજવણી કરશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તેના ૧૮મા સ્થાપનાદિનની ઉજવણી અંગેની તૈયારીઓ હાથ ધરી દીધી છે. આ ઉજવણીના કાર્યક્રમમાં રાજ્યના શહેરી વિકાસ, મહેસુલ અને માર્ગ મકાન વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

આ ઉજવણી સમારોહમાં ધારાસભ્યો શ્રી શંભુજી ઠાકોર, શ્રી અશોક પટેલ, શ્રી મહેન્દ્રસિંહ રાણા અને શ્રી મનુભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે.

સ્થાપના દિનની ઉજવણીનો સત્તાવાર કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહોલ ખાતે સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવ્યો છે.

ગુડાના ચેરમેન શ્રી અશોક ભાવસાર અને મુખ્ય કારોબારી અધિકારી ડી. થારાના જણાવ્યાનુસાર આ દિવસે કુડાસણ ખાતે નવનિર્મિત શાક-માર્કેટનું લોકાર્પણ કરી અને સખી મંડળની મહિલાઓને તેની ફાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત અડાલજના બે રસ્તાઓ તેમજ કોબા-ગાંધીનગરને જોડતા સર્વિસ રોડ સમાંતરે બનાવેલ ફૂટપાથનું લોકાર્પણ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવશે.

આ દિવસે જ એક સાથે ચિલોડા, વાવોલ અને રાયસણ ખાતે સામાજિક અને આર્થિક પછાત વર્ગના લોકો માટે આવાસો બનાવવાની યોજનાનું ખાતમુહૂર્ત પણ શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત ટી.પી. સ્કીમ પમાં આંતરિક રસ્તાઓના કામનો શુભારંભ પણ શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરાવવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા છેલ્લા કેટલાક સમયથી આંતર માળખાકીય કામોને અગ્રતા આપવામાં આવી છે અને જેમ જેમ આ કામો સંપન્ન થઈ રહ્યા છે તે પ્રમાણે તેના લોકાર્પણના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે.

ગુડા તેના વિસ્તારમાં પીવાના પાણી માટે અલાયદુ આયોજન કરી રહેલ છે તેમજ આ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ પણ હાલ પૂરજોસમાં ચાલી રહેલ છે.

આ ઉપરાંત ગુડાના ગાંધીનગર નજીક વિકાસ પામેલ ટી.પી. વિસ્તારોમાં ઘનકચરાના નિકાલની ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવેલ છે અને તેનું સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

મનપામાં એકાઉન્ટસ્ રિફોર્મીંગ પ્રોજેક્ટ અમલમાં આવી ગયો

હવે ઈલેક્ટ્રોનિક ક્રેડીટ સિસ્ટમ પણ અમલી બનાવવા માટેનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એકાઉન્ટ રીફોર્મ પ્રોજેક્ટનું અમલીકરણ શરૂ કરી દેવામાં આવ્યું છે અને હવે કર્મચારીઓના પગાર બિલ ઈ-બિલ બનાવવાનો નિર્ણય સત્તાવાળાઓ દ્વારા લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આગામી એક માસમાં કોર્પોરેશનના બિલોની ચુકવણી માટે પણ ઈલેક્ટ્રોનીક ક્રેડીટ સિસ્ટમ પણ અમલી બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે અને તે અમલી બનાવવામાં આવશે.

કોર્પોરેશનમાં એકાઉન્ટ રિફોર્મીંગ માટે આગામી વર્ષના અંદાજપત્રમાં ખાસ ભાર મુકવામાં આવ્યો છે અને તે આધારે ધીમી પણ મક્કમ ગતિએ સત્તાવાળાઓ આગળ ધરી રહ્યા છે.

કોર્પોરેશનના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પગાર બિલ ઈ બિલમાં હવે રૂપાંતરિત થઈ ગયું છે આ સાથે જ કર્મચારીઓને હવે પે સ્લીપ પણ અલગથી આપવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકાનું માસિક પે પેકેટ અંદાજે રૂ. ૨૫ લાખ જેટલુ થવા જાય છે જે ઉલ્લેખનીય છે.

આ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કોર્પોરેશન દ્વારા એકાઉન્ટસ્ માટે ટ્રિનોંધી નામાપદ્ધતિથી હિસાબ તૈયાર કરવાની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે અને જે આગામી બે થી ત્રણ માસમાં જ આ કામગીરી સંપન્ન કરી અને રોજેરોજના હિસાબોને અપડેટ કરવા માટેનું આયોજન વિચારાયું છે.

રાજ્ય સરકારે ઈ-ગર્વનન્સ માટે આપેલ ગ્રાન્ટમાંથી વહીવટીય પાંખનું કોમ્પ્યુટરાઈઝેશન કરાયા બાદ હવે એકાઉન્ટસ્ રિફોર્મીંગની દિશામાં સત્તાવાળાઓએ મહત્વના ડગ માંડ્યા છે.

આજે બ્રહ્મભવન ખાતે લઘુરૂદ્ર

ગાંધીનગર, તા. ૧૦

રૂદ્રાભિષેક મંડળના સભ્ય રમેશભાઈ રાવલ તરફથી આજે તા. ૧૧મી માર્ચ-૨૦૧૩ને સોમવારે સવારે ૯ કલાકે બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે લઘુરૂદ્ર યોજાશે. રૂદ્રાભિષેક મંડળના સહમંત્રી નરેન્દ્ર જાનીએ આ પ્રસંગે સર્વે સભ્યોને ભાગ લેવા ખાસ જણાવ્યું છે.

ગાંધીનગરમાં પાનખરનું સૌંદર્ય ધરતી પર પીળી ચાદર છવાઈ

લીમડા અને આસોપાલવના પીળા પાંદડા ખરવાની શરૂઆત થઈ પાંદડાઓનો કચરો બાળવાથી શહેરમાં ફેલાતુ વાયુ પ્રદૂષણ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં આજકાલ જ્યાં નજર કરો ત્યાં પાંદડાઓની પીળી ચાદર છવાયેલી નજરે પડે છે.

(તસવીર : દિપક જાની)

લીમડા સહિતના વૃક્ષોએ પાંદડા ખેરવવાનું શરૂ કરતાં શહેરમાં ઠેર ઠેર પાંદડાઓના કચરાના ઢગ જામ્યા છે. વસાહતીઓએ તેને બાળવાનું શરૂ કરતાં વાયુ પ્રદૂષણ પણ ફેલાયું છે.

આંબાને મોર બેસી ગયા છે અને કેટલાક વૃક્ષોને ફળો પણ બેસી ગયા છે. પરંતુ લીમડા જેવા કેટલાક વૃક્ષોમાં ફળ - ફુલ બેસવાની મોસમ હવે શરૂ થશે. વસંત ઋતુના પ્રારંભે લીમડા, આસોપાલવ જેવા વૃક્ષોના નવા પાંદડા આવે તે પહેલાં જુના પાંદડા ખરવાના શરૂ થયા છે. જુના પાંદડાઓ પીળા પડી સતત ખરી રહ્યા છે. જરાક પવન વાય તે સાથે જ લીમડાના પાંદડાઓ ખરે છે. શહેરમાં ઘણા સ્થળોએ વહેલી સવારે લીમડાના પીળા પાનના કારણે પીળી ચાદર છવાયેલી નજરે પડે છે. ગાંધીનગરમાં આમ પણ વૃક્ષોની સંખ્યા વધુ છે. તેમાંય લીમડા વધુ છે. ચૈત્ર માસ શરૂ થયા તે પહેલાં લીમડા પર નવા પાંદડા આવે છે અને મોર બેસે છે. પરંતુ હાલમાં તો પાંદડાઓને ખરવાની સિઝન છે. ખરી પડેલાં પાંદડાઓને સાફ કરો તે પછી થોડીક જ વારમાં એક વાયરાથી પુનઃ પાંદડાઓ ખરે છે. ખરી પડેલા પાંદડાઓ ખૂબ વધારે હોવાથી તેને કચરા પેટીમાં ફેલવાને બદલે સફાઈ કર્મચારીઓ તેને બાળી દે છે. કેટલાક વસાહતીઓ પણ પોતાનું આંગણુ વાળી લીમડાના પાનને બાળે છે. જો કે તેના કારણે શહેરમાં વહેલી સવારે ધૂમાડો ફેલાય છે.

ચ-૬ સર્કલ નજીક અજાણ્યા વાહનની ટક્કરે રાહદારીનું મોત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના અક્ષરધામ મંદિરથી ચ-૬ તરફ જવાના માર્ગ પર આજે સવારે એક અજાણ્યા વાહને એક રાહદારીને અડફેટે લીધો હતો જેથી રાહદારીને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ થવા પામી હતી અને સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના ચ-૬ સર્કલથી અક્ષરધામ જવાના માર્ગ પર ગતરોજ સાંજે ૭.૩૦ કલાકે ખાતુભાઈ કાળુભા નામના વ્યક્તિ આ માર્ગ પરથી ચાલતા-ચાલતા પસાર થઈ રહ્યા હતા. દરમિયાન અજાણ્યા વાહને રાહદારીને અડફેટે લઈ જોરદાર ટક્કર મારી હતી. પરિણામે રાહદારીને શરીરે ગંભીર ઈજાઓ થતા તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થવા પામ્યું હતું. આ ઘટના અંગે ફરિયાદી રમેશભાઈ હિરાભાઈ બારીયાએ ફરિયાદ નોંધાવતા સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી ફરાર વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

નારી શકિત કો સલામ... ગાંધીનગરની ઉદ્‌ગમ સંસ્થા દ્વારા મહિલા દિન નિમિત્તે વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી રહેલ મહિલાઓને એવોર્ડ આપી સન્માન કરાયું હતું. નગરના સામાજિક, આરોગ્ય, શિક્ષણ, પત્રકારત્વ, કોર્પોરેટ અને સામાજિક સેવા જેવા ક્ષેત્રમાં પોતાની કામગીરી દ્વારા નામ ઉભું કરનાર મહિલાઓનું સન્માન કરી નારી શકિતને સલામ કરવાનો વિશિષ્ટ કાર્યક્રમ ઈન્ફોસીટી ક્લબ ખાતે યોજાયો હતો.

એસ.ટી.ડેપોમાં સ્થિત દવાખાનાને છેલ્લા સાત-સાત વર્ષથી તાળુ

માનદ વેતન લઈ કોઈ તબીબ સેવા આપવા તૈયાર નથી !

ગાંધીનગર, તા. ૧૦

શહેરના એસ.ટી. ડેપોમાં સ્થિત દવાખાના માટે કોઈ માનદ તબીબ સેવા આપવા તૈયાર નથી. જેના પરિણામે ડેપોનું દવાખાનુ છેલ્લા ૭ વર્ષથી બંધ હાલતમાં છે. મુસાફરો કે એસ.ટી. ડેપોના સ્ટાફને ડેપોકક્ષાએથી ઈમરજન્સી વેળાએ તબીબી સેવા ઉપલબ્ધ થઈ શકતી નથી.

શહેરના મુખ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી.ડેપોમાં રોજબરોજ સેંકડો મુસાફરોની અવર-જવર જોવા મળે છે. પરંતુ પાટનગરના ડેપોમાં મુસાફરો અને ડેપોના સ્ટાફ માટે જરૂરી કક્ષાની સુવિધાનો ભારોભાર અભાવ વર્તાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી એસ.ટી. ડેપોમાં સલામતીના નામે મીંડુ ચિતરાયેલું છે. ચોર અને લુખ્ખા તત્વો તક ઝડપી હાથફેરા કરી લેવા પીકપોકેટીંગના બનાવો પણ બન્યા છે. ત્યારે ગંદકી અને દુવિધાઓના ઢગ વચ્ચે ઘેરાયેલા ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવાના મામલે પણ હજુ કોઈ નક્કર આયોજન કરાયુ નથી. એકબાજુ એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવા પ્રયાસો હાથ ધરાયા હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે ડેપોમાં છેલ્લા ૭ વર્ષથી દવાખાનુ પણ બંધ હાલતમાં છે. ડેપોના દવાખાનામાં માનદ સેવાના આશયથી કોઈ તબીબ સેવા આપવા તૈયાર ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ડોક્ટર સહીતના સ્ટાફના અભાવે ડેપોકક્ષાએથી ઈમરજન્સીના કિસ્સામાં ડ્રાઈવર-કંડકટરોને તેમજ મુસાફરોને તબીબી સેવા ઉપલબ્ધ થતી નથી, અગાઉ એસ.ટી. નિગમે પણ માનદ વેતન ચુકવી ડોક્ટરની ભરતી માટે મન બનાવ્યું હતું. પરંતુ કોઈ તૈયાર ન થતા ડેપોના દવાખાનાને વર્ષોના અંતે પણ તાળુ વાગેલુ છે.

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. તનુજ હિમાંશુ જાની
તા. ૧૭-૪-૧૯૯૨ ● તા. ૧૧-૩-૨૦૦૯
હરખના પારણિયે ઝૂલાવ્યા, સાગરની છોળોમાં કુદાવ્યા,
જીવન નૈયામાં ગુંજતું મારું ગીત-સંગીત
સદસા મોજું માહી આવ્યું, આવીને પાછું લઈ ચાલ્યું,
ક્યાં ગયું મારું ગીત-સંગીત
પુષ્પકળી મારી કરમાઈ, ગીત લહર અશ્રુમાં રેલાઈ
હિબકામાં વહી ગયું મારું વ્હાલનું ગીત-સંગીત
દામીની હિમાંશુ જાની

રાદડીયા બાદ વધુ કેટલાક કોંગી નેતાઓ ભાજપના નેતાઓના સંપર્કમાં

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણી પૂર્વે જ ગુજરાત કોંગ્રેસમાં ભંગાણ પડવાનું શરૂ થવા પામ્યું છે. અને આગામી લોકસભા ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસમાં મોટા ગાબડા પડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની પોરબંદર લોકસભા બેઠક તેમજ ધોરાજી, જેતપુર, લીંબડી અને મોરવાહક એમ ચાર વિધાનસભા બેઠક ખાલી પડતા આ બેઠકોની પેટા ચૂંટણી યોજાનારી છે. આ ચૂંટણીઓ આવે તે પહેલા જે સૌરાષ્ટ્રના કદાવર સહકારી આગેવાન અને પૂર્વ ધારાસભ્ય વિઠ્ઠલ રાદડીયા પોતાના પુત્ર અને સમર્થકો સાથે કોંગ્રેસને અલવિદા કરીને ભાજપમાં જોડાઈ જતાં સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને મોટો ફટકો પડવા પામ્યો છે.

રાજકોટ જિલ્લામાં સહકારી ક્ષેત્રે તેમજ પટેલ સમાજમાં પ્રભુત્વ ધરાવતા કદાવર પટેલ નેતા તરીકે વિઠ્ઠલભાઈ રાદડીયા એક માત્ર કોંગ્રેસ પાસે સક્ષમ નેતા હતા જે હવે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ જતાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં લોકસભાની પેટા ચૂંટણી માટે કોંગ્રેસ માટે કપરા ચઢાણ સાબીત થશે.

પેટા ચૂંટણીઓ ઉપરાંત લોકસભાની સામાન્ય ચૂંટણીઓ આડે હવેમાત્ર એક વર્ષ જેટલોજ સમય બાકી રહ્યો છે ત્યારે આ ચૂંટણીઓ પૂર્વે જ કોંગ્રેસમાં ગાબડા પાડવા માટે કોંગ્રેસના જિલ્લાના કદાવર નેતાઓને ભાજપમાં લાવવા માટેના પ્રયાસો ભાજપ દ્વારા હાથ ધરવામાં આવ્યા છે અને તેમાં ભાજપને સફળતા પણ મળવા પામી છે.

વિઠ્ઠલ રાદડીયા બાદ હવે અન્ય જિલ્લામાં પણ કોંગ્રેસના કેટલાક સ્થાનિક આગેવાનો અને પૂર્વ ધારાસભ્યો સાંસદો પણ ભાજપના કેટલાક નેતાઓના સંપર્કમાં છે અને આગામી ટૂંક સમયમાં આ નેતાઓ પણ કોંગ્રેસને અલવીદા કરીને ભાજપમાં જોડાઈ જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને મળેલા પરાજય બાદ કોંગ્રેસમાં આંતરીક જુથવાદ વધવા પામ્યો છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

॥ अभय ॥ ABHAY ZARIN CATERING Pvt.
FOR PROFESSIONAL & ELEGANT OUTDOOR CATERING
REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad
CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192,
Electronics Estate, B/h. Videocon Factory,
Sector-26, Gandhinagar

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES CEAT

SANOFI CEMENT KISAN BENELAVE H.FIXIT venkatesh TMT BARS - ISI TATA STEEL • PIPES • SHEETS SANOFI STEEL - ISI ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com